
## વડીલોને વંદન અભિનંદન



અજીતસિંહ નાગજીભાઈ ભટ્ટી (૧૯૪૮) ફોન: ૨૩૨૬૦૫૫૪



જીવનલાલ લક્ષ્મીચંદ શાહ (૧૯૪૬) મો. ૯૪૨૬૭૦૯૭૩૬

# આખરે પોલીસ ભરતી બોર્ડની પરીક્ષા જાહેર

### પી.એસ.આઈ., એ.એસ.આઈ અને લોકરક્ષકની લેખિત પરીક્ષા એક દિવસે હોવાથી ઉમેદવારોમાં ભારે કચવાટ : કોન્સ્ટેબલની તારીખને બદલવા માટેના મેસેજ વોટસઅપ પર ફરતા થયા

ગાંધીનગર, તા. ૨૩

પોલીસ ભરતી બોર્ડે આખરે પી.એસ.આઈ., એ.એસ.આઈ. અને લોકરક્ષક ની લેખિત પરીક્ષા માટેની નિશ્ચિત તારીખ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરી દીધી છે. હવે આગામી તા. ૨, ૩ અને ૪ મે ૨૦૧૫ના રોજ પીએસઆઈ, એએસઆઈની જયારે તા. ૩ મે ૨૦૧૫ના રોજ લોકરક્ષકની પરીક્ષા લેવામાં આવશે. જો કે પી.એસ.આઈ.ની પરીક્ષાના દિવસે જ એટલે કે તા. ૩ મેના રોજ લોકરક્ષકની પરીક્ષા એક જ દિવસે હોવાથી ઉમેદવારોમાં ભારે કચવાટ પણ ઉભો થયો છે અને ભરતી બોર્ડની આ નીતિ સામે રોષની લાગણી પણ વ્યકત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજય પોલીસ દળમાં વર્તાઈ રહેલી મોટી ઘટને દૂર કરવા અને પોલિસ દળમાં અધિકારી કર્મચારીઓની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજય પોલીસ ભરતી બોર્ડ દ્વારા થોડા સમય અગાઉ પીએસઆઈ એએસઆઈ અને લોકરક્ષકની ૮૦૦૦થી વધારે જગ્યાઓ ભરવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી. બાદમાં ઉમેદવાર માટે શારિરીક કસોટી લેવામાં આવી હતી. જેમાં અંદાજે ૧.૨૫ લાખ ઉમેદવારો પાસ થયા હતા. અને લેખિત પરીક્ષાની તૈયારીઓમાં જોડાઈ ગયા હતા. જો કે થોડા સમય બાદ પોલિસ ભરતી બોર્ડ લોકરક્ષક માટે ૨૯ એપ્રિલ અને પી.એસ.આઈ., એ.એસ.આઈ માટે એમ બે અલગ અલગ સંભવિત તારીખો બોર્ડની વેબસાઈટ પર મુકી હતી જેન લઈ ઉમેદવારો પહેલાથી મુંઝવણમાં મુકાઈ ગયા હતા અને કઈ તારીખ ચોકકસ હશે તેની ચિંતા કરી રહ્યા હતા. આવા સમયે કેટલાક લોકોએ સોશ્યલ મિડીયા 'વોટસઅપ' પર ખોટી ખોટી તારીખો ફરતી થતા વધુ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

આખરે પોલીસ ભરતી બોર્ડ દ્વારા ગત ૨૨મી એપ્રિલે બોર્ડની વેબ સાઈટ પર સત્તાવાર તારીખો મુકી દેવામાં આવી છે. જેમાં તા, ૨, ૩ અને ૪ મે ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે ૩ દિવસ ૩ પેપરની લેખિત પરીક્ષા જયાર આજ દિવસો દરમિયાન તા. ૩ મે ૨૦૧૫ના રોજ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર ખાતે લોક રક્ષકની લેખિત પરીક્ષા લેવામાં આવશે. પરંતુ પીએસઆઈ, એ.એસ.આઈ તેમજ લોકરક્ષકની પરીક્ષા એક જ તારીખોમાં લેવામાં આવશે તેવી જાહેરાત પ્રસિધ્ધ થતા ઉમેદવારોમાં કચવાટ શરૂ થયો છે અને કોન્સ્ટેબલની પરીક્ષાની તારીખ બદલવામાં આવે તેવા મેસેજો પણ 'વોટસઅપ' પર મુકી વિરોધ કરી રહ્યા છે અને ભરતી બોર્ડ કોઈ નિર્ણય કરી તારીખ બદલે તેવી માંગ પણ કરી રહ્યા છે.

# રાજ્યના ૧૧ સનદી અધિકારીની બદલી

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરપકારે આજે ૧૧ જેટલા સનદી અધિકારીઓની બદલીના હૂકમો જારી કર્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| અરવિંદ અગ્રવાલ | અધિક મુખ્ય સચિવ પ્રાથમિક માધ્યમિક શિક્ષણ વિભાગ | અધિક મુખ્ય સચિવ ઉદ્યોગ ખાણ વિભાગ |
| અતનુ ચક્રવર્તી | અગ્ર સચિવ ઉદ્યોગ ખાણ વિભાગ | એમ.ડી. જી.એસ.પી.સી. |
| સુજીત ગુલાંટી | ગુજરાત કેડરમાં પાછા ફરતા | અગ્ર સચિવ શિક્ષણ વિભાગ |
| અરૂણકુમાર સોલંકી | અગ્ર સચિવ પશુપાલન વિભાગ | અગ્ર સચિવ કૃષિ સહકાર વિભાગ |
| એસ. અર્પણા | અગ્ર સચિવ નાણા વિભાગ | મુખ્યમંત્રીના અગ્ર સચિવ |
| મનોજ અગ્રવાલ | સેટલમેન્ટ કમિશનર | એમ.ડી. જી.એમ.ડી.સી. |
| સંજય કૌલ | એમ.ડી. પ્રવાસન નિગમ | એમ.ડી. જી.આઈ.એલ. |
| ડૉ. વી. થીરૂપુગલ | કમિશનર ગ્રામ વિકાસ | ડાયરેક્ટર જનરલ મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ |
| મનોજકુમાર દાસ | સંયુક્ત એમ.ડી. જીએસપીસી | અગ્ર સચિવ અન્ન ના. પુરવઠા વિ |
| ટી. નટરાજન | કમિશનર, ખાણ ખનીજ, ગાંધીનગર | સચિવ, નાણા વિભાગ(ખર્ચ) |
| શ્રીમતી સોનલ મીશ્રા | સચિવ પ્ર. પવિત્ર યાત્રાધામ ઉદ્યોગ ખાણ વિભાગ | એમ.ડી. જી.આઈ.પી.એલ. વડોદરા |



(તસવીર : નટુભાઈ પટેલ)

## વાંકાનેરડા ગામે શ્રમ સેવા લોકજાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના વાંકાનેરડા ગામે લાયન્સ ઈન્ટરનેશનલ કલબ તેમજ એન.એસ.એસ.ના સંયુકત ઉપક્રમે ચાર દિવસીય શ્રમ, સેવા, લોક જાગૃતિ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં સફાઈ, આરોગ્ય, પર્યાવરણ જાળવણી, બેટી બચાવો, પાણી બચાવો, વ્યસનમુકિત બાળલગ્ન વગેરે અંગે જનજાગૃતિના કાર્યક્રમો યોજાયા હતાં. શિબિરમાં અમદાવાદ ગાંધી આશ્રમના સફાઈ વિદ્યાલયના હરિજન સેવક સંઘના મંત્રી અજિતભાઈ જાદવ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે વાંકાનેરડા ગામે જાહેર શૌચાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ કલબ ગાંધીનગર ડીસ્ટ્રીકટના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં. શિબિરમાં બાળરમતો, પ્રભાત ફેરી, સમૂહ પ્રાર્થના, સામૂહિક સફાઈ તેમજ શૈક્ષણિક લગ્ન મહોત્સવ-વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એનએસએસ કો-ઓર્ડિનેટર નટુભાઈ વર્મા ઉપસ્થિત રહ્યા હતાં. આ શિબિરને સફળ બનાવવા તેજસ વોરાએ જહેમત ઉઠાવી હતી.

# ઊંઝા વીજ કંપનીની ઓફિસે હેલ્પર પર લોખંડની ઘોડી તૂટી પડતાં કરૂણ મોત

ઊંઝા, તા. ૨૩

ઊંજા ખાતે ઉ.ગુ. વીજ કંપનીની ઓફિસ આગળ આજે બપોરના સમયે ટ્રેકટરમાં ડી.પી. મુકવાની તૈયારી કરતા એક હેલ્પર પર અચાનક લોખંડની ઘોડી તૂટી પડતાં તેમનું સ્થળ પર જ મોત નિપજયું હોવાનો કરૂણ બનાવ બન્યો હતો.

વિગત એવી છે કે ઊંઝા નજીકના કામલી ગામના વતની અને સિદ્ધપુર તાલુકાના કાકોશી ખાતે ઉ.ગુ. વીજ કંપનીમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા ભરતભાઈ નટવરલાલ પટેલ ઉ.વ.૪૦ આજે ડી.પી. લેવા માટે ટ્રેકટર લઈને ઊંઝા વીજ કંપનીની ઓફિસે આવ્યા હતા દરમિયાન બપોરના સમયે ટ્રેકટરમાં ડી.પી. મુકવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે અચાનક બાજુમાં પડેલ લોખંડની વર્ષો જૂની ઘોડી તેમના પર તૂટી પડી હતી જેથી શરીરે તેમને ગંભીર ઈજાઓ થતાં સ્થળ પર જ તેમનું કરૂણ મોત નિપજયું હતું.

આ ઘટના સંદર્ભે વિદ્યુત યુનિયનના નેતાએ ભારે આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે આ ઘોડી બદલવા અગાઉ સંબંધિત અધિકારીઓને રજૂઆત કરી હતી છતાં કોઈ પગલાં ન લેવાતા આ બનાવ બનેલ છે. છેલ્લા બે વર્ષ દરમિયાન આવા ચાર પ્રાણઘાતક અને કેટલાક કર્મચારીઓને ઈજા થયાના કિસ્સાઓ બન્યા છે. આથી આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

## કલોલ તાલુકમાં ૧૪૨ લાખના વિકાસ કામોના લોકાર્પણ

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં વણથંભી વિકાસ યાત્રા કાર્યક્રમ અંતર્ગત તા.૨૪મી એપ્રિલના રોજ રૂપિયા ૧૪૨ લાખના વિકાસ કામોનું લોકાર્પણ ખાતમૂહૂર્ત કરાશે.

ગાંધીનગર જિલ્લામાં વણથંભી વિકાસ યાત્રાનો દ્વિતીય તબક્કાનો આરંભ થાય છે. ૨૪મીના રોજ શ્રી જયંતિભાઈ બારોટના હસ્તે રકનપુર, સાંતેજ અને દંતાલી ગામ ખાતે વિવિધ જન સુખાકારીના કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરાશે.

રકનપુર ગામની પ્રાથમિક શાળામાં રૂપિયા ૬૪ લાખના ખર્ચે નવનિર્મિત શાળાના ૮ ઓરડાઓનું લોકાર્પણ કરાશે. તેમજ સાંતેજ ખાતે રૂપિયા ૭૦ લાખથી વધુના ખર્ચે તૈયાર થનાર પાણીની પાઈપલાઈન, પંપરૂમ, પંપસેટ તથા ટાંકીનું અને દંતાલી ગામ ખાતે રૂપિયા ૮ લાખના ખર્ચે પાઈપલાઈન તથા પંપરૂમનું ખાતમૂહૂર્ત કરાશે.

## ગાંધીનગરમાં સૌથી વિશાળ ક્રોકરી સેલ

ક્રોકરીના વિકસતા અને વિસ્તરતા બજાર સાથે તેની માત્રા પણ ઉત્તરોત્તર વધી રહેલ છે. દરેક વર્ગને પોસાય તેવી કિંમતે ૫૦ હજારથી પણ વધુ વેરાઈટીઝ સાથે સૌથી વિશાળ ક્રોકરી સેલ ગાંધીનગરના સે-૭-સી ખાતેની શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજની વાડીમાં ચાલી રહેલ છે. લ્યુમીનરેક, ઓસીએન, કોરેલ જેવી બ્રાન્ડેડ આઈટમોની પ્રોડકટો અહીં ઉપલબ્ધ છે. ફ્રાન્સ, ટર્કી, જર્મની, થાઈલેન્ડ, ગ્લાસવેર, ફેન્સી પ્લાસ્ટિક વેર, બોન ચાઈના, મેલામાઈન ક્રોકરી, ગિફ્ટ આર્ટિકલ્સ, ડાયનીંગ અને સોફાસેટ કવર વગેરે જેવી ગૃહઉપયોગી અને કોર્પોરેટ ઓફિસ ઉપયોગી પ્રોડકટો અહીં એકદમ વ્યાજબી સેલ ભાવે ઉપલબ્ધ છે. પ્રત્યેક ખરીદી ઉપર ૫૦ ટકા સુધી વળતર ઉપલબ્ધ છે.

## અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલની રજતજયંતિએ વેબસાઈટ લોન્ચ કરાશે

મીડિયા અને એડવર્ટાઈઝીંગ ક્ષેત્રે કાર્યરત અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન રજત જયંતિ વર્ષમાં પ્રવેશે છે. આ પ્રસંગે મીડિયા વર્લ્ડન માહિતીસભર એસોસિએશનની વેબસાઈટ લોન્ચ કરવામાં આવનાર છે. આ વેબસાઈટ તા. ૨૫મી એપ્રિલ શનિવારે સાંજે ૭-૦૦ વાગે નારણપુરાના શાસ્ત્રીનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીક ગુજરાત સ્ટેટ કો-ઓપ બેંક ખાતે કરવામાં આવશે. અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન દ્વારા આ કાર્યક્રમમાં સંસ્થાના નવા 'વિઝન' અન 'વિઝડમ'ને વાઈબ્રન્ટ રીજે રજુ કરાશે તેમજ એસોસિએશનના નવા લોગોનું અનાવરણ પણ કરાશે. આ પ્રસંગે એસોસિએશનની વેબસાઈટ www.adcircle.in નું લોન્ચીંગ કરાશે.






તાજેતરમાં સરદાર પટેલ સેવાદળ (એસપીજી) આયોજિત વિરાટદર્શન પાટીદાર મહાસંમેલન પાટીદાર સમાજના મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિરમગામ ખાતે યોજાયું હતું. આ સંમેલનમાં સમગ્ર ગુજરાતમાંથી દસ હજાર સરદાર પટેલ દળના હોદ્દેદારો, કાર્યકરો અને અગ્રણીઓની ઉપસ્થિત રહી હતી. સંમેલનમાં મુખ્ય મહેમાન પદે ગોરધનભાઈ ઝડફીયા, સરદાર પટેલદળના અધ્યક્ષ એલ.ડી. પટેલ, જામનગરના જયરામભાઈ પટેલ તથા દાનવીર ભામાશા રામ તેમજ વિશેષ અતિથિપદે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના પ્રમુખ અશોકભાઈ જી. પટેલ (જાખોરા), યુવા કાર્યકરો, સાબરકાંઠાના સરદાર પટેલ દળના પ્રમુખ બ્રિજેશ પટેલ, મહામંત્રી ઉર્વેશ પટેલ (મજરા) વગેરે હાજર રહ્યા હતા.

## અચાનક આગ... ● અનુસંધાન ત્રીજાનું ચાલુ

હતુ. જેથી સફાળા જાગેલા વેપારીઓ પણ આગની ઘટનાથી સજાગ થઇ ગયા હતા.બીજીતરફ કોમ્પલેક્ષના ઉપરના મજલેથી આગ પ્રસરતા વેપારીઓ પણ નીચે દોડી આવ્યા હતા. એક જાગૃત વેપારીએ ઈલેકટ્રીક બોર્ડની મેઈન સ્વીચ ઓફ કરી દીધી હતી. જયારે ઘટના સંદર્ભે ફાયરબ્રગેડને જાણ કરવામાં આવી હતી. ફાયરઓફિસર મહેશ મોડ સહિતની ટીમ ઘટના સ્થળે પહોચી ગઈ હતી. અને આગને સમયસર કાબુમાં લઈ લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી. જયારે આ ઘટનાના અંતે કોમ્પલેક્ષના બિલ્ડરો તેમજ મોબાઈલ કંપનીના અધિકારીઓની મીલીભગત સામે પણ રોષ પ્રવર્તયો હતો. રોષે ભરાયેલા વેપારીઓએ કંપનીના અધિકારીઓને પણ બોલાવ્યા હતા. રહેણાંક વિસ્તાર અને સ્કુલ નજીક હોય તેવા વિસ્તારમાં મોબાઈલ ટાવર મુકવાની મંજુરી અપાતી નથી.ત્યારે આ ઠેકાણે આ પ્રકારના ટાવરો ન હોવા જાઈએ તેવો પણ આક્રોશ પ્રબળ બન્યો છે. કોર્પોરેટર કમ બિલ્ડરની મીલીભગત પણ આ ટાવર પ્રકરણમાં જવાબદાર હોવાનુ માનવામાં આવે છે. આવા સંજાગોમાં નિયમ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે.

## શબ્દાવલી - ૫૭૧૦



### આડી ચાવી

૧. ગભરાયેલું (૪)
૩. શિકાર (૩)
૫. ઝોળી, થેલી (૨)
૬. પાણી (૨)
૮. વેરાન, સૂનું (૪)
૧૦. નાનો અણુ, નાનો રેતનો કણ (૪)
૧૨. શોભા, પ્રકૃતિ (૩)
૧૩. પતિ, કંથ (૨)
૧૪. કઇ જગ્યાએ (૧)
૧૫. સાવ નવું, તાજુ-તાજું (૪)
૧૬. પાપ (૩)
૧૮. દુઃખ, ગુંદર (૨)
૧૯. લીકેજ (૨)
૨૦. નજર તળે રહે તેમ કેદમાં રહેવું (૫)

### ઊભી ચાવી

૧. સાર, બરકત (૪)
૨. પખાલી (૨)
૩. વિશાળ, અતિશય મોટું(૪)
૪. પરસેન્ટેજ, મુંડો (૨)
૫. શક્તિ (૨)
૭. ખીજનું વિરોધી... થાય(૪)
૮. સાંભળ (૨)
૯. કોમળતા (૪)
૧૧. શ્રીકૃષ્ણનું એક નામ (૪)
૧૫. નવી (વહુ (૩)
૧૬. તુચ્છ (૩)
૧૭. ડાંગર, ચોખા (૩)
૧૮. હાથી (૨)

### શબ્દાવલી ૫૭૦૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાપાચાર (૪) આલાપ (૭) મન (૮) જમાલગોટો (૧૦) વાલમ (૧૧) પાવડી (૧૪) કાવડ (૧૫) ચમક (૧૭) નવા નકોર (૨૦) રજા (૨૧) મસલત (૨૨) દફન

**ઊભી ચાવી :-** (૧) પામર (૨) પાન (૩) રજવાડી (૪) આલમ (૫) લાગો (૬) પટોળુ (૯) માલ (૧૧) પાવન (૧૨) વડવાનલ (૧૩) રંક (૧૫) ચકોર (૧૬) મરજાદ (૧૮) કફન (૧૯) ખમ

# ડીસા પાલિકાના સફાઈ અધિકારી સામે રોજમદારના ગંભીર આક્ષેપ

ડીસા નગરપાલિકા સેનીટેશન વિભાગમાં ફરજ બજાવતા વસંત પાટલાવાળા સામે ભષ્ટાચારના આક્ષેપ સાથે રોજમદારે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે.

ડીસા શહેરમાં જુની પોલીસ લાઈન રાજપુર રોડ પર રહેતા રોજમદાર ભરતભાઈ જુમ્માભાઈ પરમાર (હરીજન) એ સફાઈ વિભાગના અધિકારી વસંત પાટલાવાળા વિરૂદ્ધ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા જણાવ્યું છે કે ૨૫ વર્ષથી સફાઈ વિભાગમાં નોકરી કરતા વસંત પાટલાવાળાએ ગાયત્રી મંદિર સામે, ગ્રીનપાર્ક સોસાયટીમાં બે કરોડનું મકાન બનાવ્યું છે. જીઆઈડીસી વિસ્તારમાં પાંચ કરોડની તેલની મિલ ધરાવે છે. ઉપરાંત સોનું, ચાંદી, જમીન જેવી અસંખ્ય સ્થાવર મિલકત ધરાવે છે. દર માસે રૂા. ૫૦૦ હપ્તો નહીં આપનાર રોજમદાર અને કાયમી કર્મચારીની હાજરીની ગેરહાજરી પુરવારમાં આવે છે. મોડા આવનાર કર્મચારીઓ-રોજમદારો હપ્તા આપે તો તેની હાજરી પુરી દેવામાં આવે છે. આમ સફાઈ વિભાગના અધિકારી સામે પાલિકાના જ એક રોજમદારે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરતાં ચકચાર મચી જવા પામી છે.

## શહેરમાં બજાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને પોલીસની સફળતા છે. રાત્રે જો વેપાર ધંધા બંધ કરાવી દેવા પડે તો તે અસુરક્ષિત જિલ્લાની નિશાની છે તેમ માનીને રેન્જ આઈજીપી હસમુખ પટેલે મહત્વપૂર્ણ નિર્ણય લઈ રેન્જના ચારેય જિલ્લાઓની પોલીસને પોતાના વિસ્તારમાં રાત્રે ૧૧ વાગ્યે વેપાર ધંધા બંધ કરાવવા નહીં જવાનો સ્પષ્ટ આદેશ લેખિત સ્વરૂપે જારી કર્યો છે. આઈજીપીના આ નિર્ણયથી નગરજનો તથા વેપારીઓમાં આનંદ છવાઈ ગયો છે. તો બીજી તરફ આવા સ્થળોએ અસામાજીક પ્રવૃત્તિઓ કરતાં જે તત્વો જણાશે તેમની સામે પણ સખત પગલા લેવા પોલીસને સુચના આપી દેવાઈ છે.

## અગ્રસચિવ તરીકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અગાઉ આ જગ્યા પર ફરજો બજાવતા શ્રી જી.સી. મુર્મુની ભારત સરકારમાં પ્રતિનિયુક્તી પર જતાં આ સ્થાન પરની નિમણુંકને લઈ અનેકવિધ અટકળો વહીવટીતંત્રમાં ચાલતી હતી. આજે આ અટકળોનો અંત આવ્યો છે.

આ ઉપરાંત ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા અતનુ ચક્રવર્તીની બદલી કરીને તેમને જીએસપીસીમાં એમ.ડી. તરીકે નિમવામાં આવ્યા છે. જયારે અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલને ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે નિમણુંક કરવામાં આવી છે. તો મનોજ અગ્રવાલની નિમણુંક ખનિજ વિકાસ નિગમમાં કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી ટુંક સમયમાં વધુ કેટલાક સનદી અધિકારીઓની બદલીના હૂકમો કરવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

## નવું સંશોધન

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

માવાણી તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના રિસર્ચ ડીન ડૉ. રાજમલ જૈનના અથાગ પ્રયાસોથી એલ્યુમિનિયમનું ઈકો ફ્રેન્ડલી રીસાઈકલનો ખાસ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. એટલું જ નહિ, અમદાવાદની જી.આઈ.ડી.સી.માં તૈયાર થતાં એલ્યુમિનિયમ સામે આ ઈકો ફ્રેન્ડલી રીતે એલ્યુમિનિયમ તૈયાર કરવાનો સફળ પ્રયોગ પણ કરવામાં આવ્યો હતો. જેમાં સફળતાં મળ્યા બાદ હિન્દાલ્કો જેવી અગ્રગણ્ય કંપનીમાં પણ આ પદ્ધતિથી એલ્યુમિનિયમનું ઉત્પાદન હાથ ધરવામાં આવ્યું છે. જેની સામે આ કંપની દ્વારા અધ્યાપકોએ તૈયાર કરેલા ફોર્મ્યુલાને સરાહવામાં પણ આવી છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના અધ્યાપકોએ તૈયાર કરેલા આ ફોર્મ્યુલાએ વિશ્વના મેટલાર્જી શાસ્ત્ર માટે બ્રેક થ્રુ સમાન છે. જો ઈકો ફ્રેન્ડલી પદ્ધતિનો ઉપયોગ કરીને એલ્યુમિનિયમનું ઉત્પાદન કરવામાં આવે તો તે જૂની પદ્ધતિ કરતા ૧૫ થી ૨૦ ટકા ઓછી કિંમતે તૈયાર થઈ શકશે. એટલું જ નહિ. આ રીતે એલ્યુમિનિયમ તૈયાર કરવાથી તેની ગુણવત્તા પણ વધે છે. જેનો રીસર્ચમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પદ્ધતિ શોધવા પાછળનું મૂળ કારણ પર્યાવરણ અને પ્રદૂષણની દષ્ટિએ જોવા જઈએ તો ગ્લોબલ વોર્મિંગમાં જવાબદાર એવા સલ્ફર હેક્ષાકલોરાઈડનો ઉદ્ભવ આ પદ્ધતિથી તૈયાર કરવામાં આવતા એલ્યુમિનિયમમાં થતો જ નથી. સમગ્ર રીસર્ચનું ગાઈડન્સ બંને અધ્યાપકોને ડૉ. એન.એમ. ભટ્ટ સાહેબ પાસેથી મળ્યું છે. તથા આ પ્રોજેક્ટનું તમામ ફંડીંગ કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા કરવામાં આવ્યું છે. તાજેતરમાં આ પદ્ધતિ અને ટેકનોલોજીની બે પેટન્ટ પણ ફાઈલ કરવામાં આવી છે.

## ટેન્ડર નોટીસ

કામધેનુ યુનિવર્સિટીના ટાટા ઈન્ડિગો વાહન નં. જીજે. ૧૮ - જી - ૨૮૦૩માં એરકન્ડીશનર ફીટ કરાવવાનું થાય છે. તો રસ ધરાવતા ઓથોરાઈઝ્ડ ડીલર, એજન્સીઓએ આ અંગેનું શરતો અને બોલીઓ સાથેનું ટેન્ડર ફોર્મ કામધેનુ યુનિવર્સિટીની કચેરી ખાતેથી કચેરી સમય દરમિયાન રૂ. ૨૦૦/- રોકડા ચૂકવી મેળવી લેવાનું રહેશે. ટેન્ડર ફોર્મ ભરીને તા. ૧/૫/૨૦૧૫ સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટ / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. ત્યાર બાદ આવેલ ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહિ.

રજીસ્ટ્રાર

જા.નં.કાયુ/એન્જી/વાહન/૪૧૧૯/૨૦૧૫ તા. ૨૨/૪/૧૫

સરનામું : ૪થો માળ, બી-વીંગ, બ્લોક નં.૧, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર -૩૮૨૦૧૦

માહિતી/૧૭૭/૧૫-૧૬

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ